અપીલ અરજી નં.૨૪૭, તા.૧૦–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૮–૧૦–૧૦ ની અરજીથી (૧) જીલ્લા કલેકટર સુરત પત્ર નં. એ જમન/વશી ૧૪૭૨/૨૦૧૦ (૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ પત્ર નં.વનમ/૧૪૧૦/૫૩૦૯–લ આ બન્ને અધિકારીઓએ જણાવ્યા પ્રમાણે થયેલી કાર્યવાહી ની સંપુર્ણ માહિતી તથા કાર્યવાહી ન થઈ હોય તો જવાબદાર અધિકારીઓની વિગતો તથા ન થવાના કારણો આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૦–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૪૭/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૮–૧૦–૧૦ ની અરજીથી (૧) જીલ્લા કલેકટર સુરત પત્ર નં. એ જમન/વશી ૧૪૭૨/૨૦૧૦ (૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ પત્ર નં.વનમ/૧૪૧૦/૫૩૦૯–લ આ બન્ને અધિકારીઓએ જણાવ્યા પ્રમાણે થયેલી કાર્યવાહી ની સંપુર્ણ માહિતી તથા કાર્યવાહી ન થઈ હોય તો જવાબદાર અધિકારીઓની વિગતો તથા ન થવાના કારણો આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સાથે અપીલના મુદ્દા અંગે આપનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬૬ તા.૨૨–૧૧–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૩૪૮ તા.૨૩–૧૨–૧૦ થી અરજદારને પાઠવેલ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૩૪૭ તા.૨૩–૧૨–૧૦ ના પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૨૮–૧૦–૧૦ ની અરજીથી આઈ ડી નં.૨૯૧ થી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી મ્યુ.કમિ. કચેરી, મુગલીસરા, સુરતને સંબોધતી અરજી સાથે અરજદારે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૧૧–૧૦–૧૦ નો પત્ર ક્રમાં વનમ/૧૪૧૦/ ૫૩૦૯/લ ની નકલ તથા કલે.શ્રીના પત્ર નં.એ/ જમન/વશી ૧૪૭૨/૨૦૧૦ તા.૩૧–૭–૧૦ ના પત્રની નકલ રજૂ કરીને ઉધનાઝોન ખાતે આપવામાં આવેલ. જે આઈ ડી નં.૨૯૧ તા.૨૮–૧૦–૧૦ થી નોંધાયેલ છે. જે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૩૫૪ તા.૨–૧૧–૧૦ થી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી " ટીપી ૩૩ (ડુંભાલ) ફા.પ્લોટ નં.૧૩ વાળી મિલ્કતમાં ટીપીઓશ્રી ધ્વારા આપવામાં આવેલ અભિપ્રાયમાં ફાઈનલપ્લોટમાં દર્શાવવામાં આવેલ ક્ષેત્રફળ /માપ વિસ્તારમાં ટીડીઓ /ડીપી નં.૧૪૯ તા.૨૬–૮–૧૦ થી વિકાસ પરવાનગી રજાચિઠ્ઠી આપવામાં આવેલ છે." ઉપરોકત હકીકતલક્ષી દફતરી વિગત, હોઈ તા.૩૧–૭–૧૦ અને ૬–૯–૧૦ (તા.૬–૮–૧૦) ની અરજી અન્વયે જણાવવાનું કે કાર્યપાલક ઈજનેર , ડે.ઈજનેર તેમજ જુની. ઈજનેર દોષિત ન જણાયેલ હોઈ લીંબાયતઝોન તરફથી કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ નથી જે જાણશો. અરજદારે માહિતી અરજી મ્યુ. કમિ.ને તબદીલ ન કરી કાવાદાવા અને ષડયંત્ર રચી સા.ઈસ્ટઝોન લીંબાયતઝોનને અરજી ખોટી રીતે તબદીલ કરી આડા પાટે ચઢાવી હોવાની હકીકતે આ તપાસ અનુક્રમે કમિ.શ્રીને સંબોધીને કરવામાં આવેલ છે. આમ અરજી ખોટી રીતે તબદીલ કરનાર જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ કાર્યવાહી કરી તેઓએ રજૂ કરેલ જવાબ પણ મ્યુ. કમિ. શ્રી ધ્વારા થયેલ કાર્યવાહી માહિતી આપવા દાદ માંગેલ છે. આમ અરજદારે અપીલ અરજીમાં માહિતી નહીં પણ અરજી તબદીલ સામે રજૂઆત કરેલ છે. આરટીઆઈ કાયદાની કલમ–૬(૧)(ક) મુજબ અરજદારે માહિતી મેળવવા માટેની અરજી જે તે સત્તા મંડળના જાહેર માહિતી અધિકારીને અને કલમ–૬(૧)(ખ) મુજબ જે તે સત્તા મંડળના મ. જાહેર માહિતી અધિકારીને કરવાની રહે છે. આરટીઆઈ કાયદાની કલમ–૬(૩) મુજબ જાહેર સત્તા મંડળને માહિતી માટે વિનંતી કરતી અરજી કરવામાં આવી હોય અને તે માહિતી બીજા જાહેર સત્તા મંડળ પાસેની હોય અથવા તેની વિષય વસ્તુ જાહેર સત્તા મંડળના કાર્યો સાથે વધુ નિકટતતા સાથે સંક્રાયેલા હોય ત્યારે એવી અરજી જે જાહેર સત્તા મંડળને કરવામાં આવી હોય તેણે તે અરજી અથવા તેવી અરજીનો પોતે યોગ્ય ગણે તેવો ભાગ તે બીજા જાહેર સત્તા મંડળને તબદીલ કરવો જોઈશે અને તેની જાણ અરજદારને કરવાની રહેશે. તે મુજબ જાહેર માહિતી અધિકારીએ સદર અરજી આઈ એકટની કલમ–૬(૩) મુજબ તબદીલ કરવામાં આવેલ છે. આમ અરજદારે અપીલમાં માંગેલી દાદ આરટીઆઈ કાયદા સાથે સુસંગત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ  હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧)  એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી (લીંબાયત ઝોન ) ...જાણ તથા અમલ  માટે .

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,